ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૮.૫ ડીગ્રી
લઘુતમ : ૧૬.૩ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૬૩ ટકા

ગાંધીનગર તાપમાન

પતંગ-દોરીના ભાવમાં ૨૫ ટકાનો વધારો

પતંગ બનાવવાની સામગ્રીની કિંમતમાં થયેલા વધારાને પગલે પતંગ-દોરીની કિંમત આસમાને

નામ	કોન્ટેટી	પ્રકાર	ભાવ
ભગવાન-૯ તાર	૧૦૦૦ વાર	સાંકળ	૨૮૫ રૂ.
ભગવાન-૯ તાર	૨૦૦૦ વાર	સાંકળ	૫૫૦ રૂ.
ભગવાન-૯ તાર	૩૦૦૦ વાર	સાંકળ	૮૨૦ રૂ.
શિવમ-૬ તાર	૧૦૦૦ વાર	સુરતી	૨૯૫ રૂ.
શિવમ-૯ તાર	૧૦૦૦ વાર	સુરતી	૩૫૦ રૂ.
શિવમ-૬ તાર	૨૫૦ ગ્રામ	સુરતી	૪૮૫ રૂ.
સાંઈ-૯ તાર	૨૫૦ ગ્રામ	સુરતી	૬૦૦ રૂ.
બરેલી-૯ તાર	૧૦૦૦ વાર	રીયાસત	૨૨૫ રૂ.
બરેલી-૯ તાર	૨૦૦૦ વાર	બરેલી	૩૮૫ રૂ.

ગાંધીનગર, તા.૪

ઉત્તરાયણને આડે હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે. ગયા વર્ષે ૫ પતંગની કિંમત રૂપિયા ૧૫ થી ૨૦ હતી. જેના માટે આ વર્ષે હવે ૨૦ થી ૨૫ રૂપિયા કિંમત ચૂકવવી પડશે. આમ પંજે ૫ રૂપિયાનો વધારો થયો છે. આ જ રીતે હજારવારની ફીરકીની કિંમત ગત વર્ષે રૂપિયા ૧૦૦ હતી તેના માટે આ વર્ષે રૂપિયા ૧૫૦થી વધુ ચુકવવા પડશે.

ગત વર્ષની ઉત્તરાયણ કરતાં આ વખતે પતંગ દોરી માટે ૨૫ ટકા વધુ કિંમત ચુકવવી પડશે. કાચા માલની મર્યાદિત આવક તેમજ પતંગ બનાવવાની સામગ્રીની

કિંમતમાં થયેલા વધારાને પગલે પતંગ દોરીની કિંમત આસમાને ગઈ છે. પતંગની ખરીદી અને દોરી ભરાવવા માટે આવનારાનું પ્રમાણ પણ હજુ સાધારણ જોવા મળી રહ્યું છે. જો કે, આગામી એકાદ સપ્તાહમાં તેમાં વધારો થશે તેવી વેપારીઓને આશા છે. ભાવ વધારો હોવા છતાં આ વખતે પતંગ દોરીનું વેચાણ ગત વર્ષ કરતાં વધશે તેમ પતંગબજારના વેપારીઓનું માનવું છે. પતંગના વેચાણ સાથે સંકળાયેલા વેપારીના જણાવ્યા મુજબ કમાન, વાંસ, કાગળ સહિતના કાચા માલ તેમજ મજુરીની કિંમતમાં વધારો થતાં પતંગની કિંમત આ વખતે ૨૦-૩૦ ટકા સુધી વધી ગઈ છે. આ ઉપરાંત કોરોનાને કારણે ઉત્તરાયણમાં આ વખતે પતંગનું વેચાણ કેવું રહેશે તેને લઈને અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે. જેના કારણે મોટી કંપની હોય કે નાનો ઉત્પાદક તેમણે પતંગ દોરીનું પ્રોડકશન ઓછું કર્યું છે. માલની અછત પણ પતંગ દોરીની કિંમતમાં થયેલા ભવ્ય વધારા માટે મહત્વનું પરિબળ છે.

શહેરમાં અત્યારથી જ પતંગ ઉડાડવાનું શરૂ થઈ ગયું છે. મોટી પતંગ, કિનીયા બાંધેલી પતંગ, નાના બાળકોની અવનવી પતંગોની વેરાયટીઓના ભાવમાં વધારો નોંધાયો છે. ઉત્તરાયણ માટેના પતંગ બજારો કરતા વેપારીઓ મંજુરીની રાહ જોઈને બેઠા છે. મંજુરી મળ્યા બાદ સેકટર-૬, ૨૧, ૨૪ અને ૭માં તથા અન્ય વિસ્તારોમાં પતંગ બજારો ઉભરાશે જેમાં અવનવી વેરાયટીઓ જોવા મળશે. વાયબ્રન્ટ બાદ પતંગ બજારોની જમાવટ થશે તેવું સૂત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે ત્યારે અવનવી પતંગ દોરીના ભાવ આ મુજબ છે.

સરસ્વતી ઈન્સ્ટિટયૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સના વિદ્યાર્થીઓની ભવ્ય ઉપલબ્ધીઓ

ગાંધીનગર, તા.૪

સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સના કુલ ૫૨ જેટલા વિદ્યાર્થીઓએ એબીવીપી દ્વારા ફેકલ્ટી ઓફ ફાર્મસી, એસઆરઆઈ કેમ્પસ વડસ્મા ખાતે આયોજીત ૧૦ માં રાષ્ટ્રીય લેવલ સેમિનાર ફાર્માવિજન ૨૦૨૧ માં ઓરલ, પોસ્ટર અને મોડેલ પ્રેજેંટશન, ક્વિઝ, ફાર્મા ક્રોસવર્ડ, ઈંકીફાર્મ, ફાર્મા કેનવાસ અને વિડીયો મેકિંગ જેવી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જેમાં ઈન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓએ કુલ ૧૧ ઈનામો મેળવ્યા હતા. જેમાં ઈંકીફાર્મ ઈવેન્ટમાં ફેનિલ પટેલ-દિપક પટેલ, મૌસમ પટેલ- હની શાહ અને અંશૂલ દિક્ષિત- ખુશી જાની એ અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવ્યો હતો. પોસ્ટર પ્રેજેંટેશનમાં જેનીશ સિકવેરા – સિદ્ધિ પંડ્યા એ દ્વિતીય, પ્રતિક્ષા પાટિલ, સ્નેહા જોશી - યશ ગોસાઇ એ દ્વિતીય, સત્યાર્થ રવિ, વિશ્વજિત વાળા એ દ્વિતીય ક્રમ મેળવ્યો હતો. જ્યારે હર્ષા ગુલબાની એ ઓરલ પ્રેજેંટેશનમાં દ્વિતીય, શેફૂલ ખાન – ઓમ દિક્ષિત એ ફાર્મા ક્રોસ વર્ડ માં પ્રથમ અને મોડેલ પ્રેજેંટેશનમાં દ્વિતીય, શેફૂલ ખાન – ઓમ દિક્ષિત –ખુશી જાની એ ક્વિઝમાં દ્વિતીય, ઉર્વી પારેખ એ ફાર્મા કેનવાસ માં પ્રથમ ક્રમ મેળવ્યો હતો. સંસ્થાના ટ્રસ્ટી શ્રી કે.જી. પટેલ, પ્રિન્સિપાલ અને પ્રાધ્યાપક ગણે વિજેતા અને ભાગ લેનાર વિદ્યાર્થીઓ એ ને અભિનંદન પાઠવ્યા હતા.

જલીયાણ સેવા ગ્રુપ દ્વારા બાળકોને સ્ટેશનરીનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. સેક્ટર-૧૬ પ્રાથમિક શાળાના બાળકોને અભ્યાસમાં ઉપયોગી હોય તેવી સ્ટેશનરીનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકોને ચોકલેટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

આકાશ ડાન્સ ઝોનની બે દિકરીઓ ડાન્સ સ્પર્ધામાં વિજેતા

ગાંધીનગર, તા. ૪

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા ડાન્સ સ્પર્ધાનું આયોજન કરાયુ હતુ. જેમાં ગાંધીનગરમાં આવેલ આકાશ ડાન્સ ઝોનની ઈશ્વા પટેલ, વૈભવી રાઠોડ એમ બે દીકરીઓએ ભાગ લીધો હતો. જેમાં સુંદર પર્ફોમન્સ આપીને ડીવીઈ૧ કેટેગરીમાં પ્રથમ સ્થાને વિજેતા થયા હતા. આ બંને દીકરીઓને આકાશ ડાન્સ ઝોન પરિવાર તરફથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ દીકરીઓને કોર્યોગ્રાફર આકાશ શર્મા દ્વારા ડાન્સ તૈયાર કરવામાં આવ્યો હતો. વિજેતા થયેલ બંને દિકરીઓને ટ્રોફી એનાયત કરી હતી.

રવીન્દ્ર પારેખના 'વાસણ' કાવ્યસંગ્રહને ડૉ. રણજિત પટેલ અનામી એવોર્ડ

ગાંધીનગર, તા. ૪

કુમાર આર્ટસ ફાઉન્ડેશન દ્વારા ૨૦૨૦ માં પ્રકાશિત પુસ્તકોને એવોર્ડ જાહેર થયા તેમાં રવીન્દ્ર પારેખના અછાંદસ કાવ્યસંગ્રહ 'વાસણ'ને ડૉ. રણજિત પટેલ અનામી એવોર્ડ જાહેર થયો છે. આ જ સંસ્થા તરફથી આ અગાઉ રવીન્દ્ર પારેખને કિસનસિંહ ચાવડા એવોર્ડ અને ચરિત્ર લેખનના પુસ્તક અંબી માટે જાહેર થઈ ચૂક્યો છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. ઠાકોર લતાબેન નટવરલાલ**, ઉ.વ. ૬૩, સેકટર-૪
- **સ્વ. સોલંકી વાઘાજી પુંજાજી**, ઉ.વ. ૬૨, આલમપુર
- **સ્વ. રાઠોડ રાજેશભાઈ લક્ષ્મણભાઈ**, ઉ.વ. સે-૧૩, છાપરાં
- **સ્વ. બજાણીયા કાળાભાઈ વાલાભાઈ**, ઉ.વ. ૪૬, માણસા
- **સ્વ. દેસાઈ ઈશાબેન ગાંગભાઈ**, ઉ.વ. ૭૪, તારાપુર
- **સ્વ. ત્રિવેદી શીલાબેન યોગેશભાઈ**, ઉ.વ. ૫૯, અડાલજ

વાવોલ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા મુદ્દે વિરોધ પ્રદર્શન

ગાંધીનગર, તા. ૪

વાવોલ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાને જે સ્થળે છે તે જ સ્થળે અથવા નજીકના વિસ્તામાં જ રાખવા બાબતે ગ્રામજનો અને આગેવાનો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વાવોલ સેન્ટ્રલ બેંક ૫૦ થી ૫૫ વર્ષથી વાવોલ ગામમાં ચાલી રહી છે. એ ગામનો મધ્યસ્થ ભાગ છે. તેથી ગ્રામજનોને અનુકૂળતા સારી રહે છે. સિનિયર સિટીઝનોને ક્યાંય દૂર બેંકમાં જવું પડતું નથી. જો આ બેંકને ગામની બહાર એટલે કે 'ક' રોડ સાઈડ લઈ જવામાં આવશે તો

ગામના તમામ નાગરિકોને મુશ્કેલીઓ પડી શકે છે. જેથી ગ્રામજનો તથા આગેવાનોએ સાથે મળીને વિરોધ કર્યો હતો. આ બેંકને ગામની અંદર જ કોઈ મોટી જગ્યા સોધીને રાખવા માટે ગાંધીનગર મનપાને લેખિત રજૂઆતો કરવામાં આવી છે. આ બેંકને બે-ત્રણ કિલોમીટર દૂર લઈ જવાની કાર્યવાહી ચાલી રહી છે તેથી તેના વિરોધમાં મહાનગરપાલિકા વાવોલ વોર્ડ નં. ૭ના કોર્પોરેટર શૈલેષભાઈ પટેલ, દિલીપસિંહ ગોલ, કચરાજી ગોલ, ઉપપ્રમુખ અતુલભાઈ મહેતા, મહામંત્રી જીગ્નેશ પટેલ, યુવા મોરચા મંડળના ચીનુભાઈ, બક્ષીપંચ મોરચાના મંત્રી કાન્તીભાઈ પટેલ, પરાગભાઈ પટેલ, ગામના યુવાનો તેજેન્દ્રસિંહ ગોલ, વસંતભાઈ નંદુભાઈ પટેલ, વજુદ્દીન દિવાન, પાનાજી ઠાકોર વિગેરેએ વાવોલ સેન્ટ્રલ બેંકના મેનેજરને ગામમાં જ બેંક રાખવા આવેદન આપી સૂત્રોચ્ચાર કર્યા હતા. અગાઉ વાવોલના કોર્પોરેટર તેમજ ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ દ્વારા લેખિતમાં વડી કચેરીએ પત્ર લખી માંગણી કરવામાં આવી હતી.

શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ખાતે ગુજરાત વિજ્ઞાન સંમેલન યોજાઈ રહ્યું છે. આ સંમેલન અંતર્ગત સાયન્સ રનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે નવી ટેકનોલોજીસની સ્કીલના વિકાસ અંગેના વર્કશોપનો આરંભ

ગાંધીનગર, તા. ૪

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ અને નોલેજ કોન્સોર્ટિયમ ઑફ ગુજરાત-કે.સી.જી.ના ઉપક્રમે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે ઊભરતી ટેકનોલોજી અંગેની સ્કીલ વિકસાવવા અંગે ૧૦ દિવસીય વર્કશોપનો ૩જી જાન્યુઆરીથી આરંભ થયો છે. તીર્થ યોજના અંતર્ગત રમકડાંના માધ્યમથી સ્ટેમ (સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ, મેથ્સ) અંગેની સ્કીલ વિકસાવવાના હેતુસર, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની સ્કૂલ ઑફ ઈન્ડિક સ્ટડીઝના ડાયરેક્ટર ડૉ. નિમિષ વસોયાના માર્ગદર્શનમાં ટૉય ઈનોવેશન વિભાગ દ્વારા આ વર્કશોપનું આયોજન કરાયું છે. જેમાં ગુજરાતભરમાંથી વિવિધ કોલેજના પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ જોડાયા છે. દીપપ્રાગટ્ય બાદ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિએ સ્વાગત પ્રવચનમાં સૌને આવકાર્યા હતા. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ હર્ષદભાઈ શાહે આત્મનિર્ભર ભારત માટે ત્રણ બાબતો; સ્વભાષા, સ્વભૂષા અને સ્વત્વને અનિવાર્ય ગણાવ્યાં હતાં. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે શરૂ થયેલી ટૉય ઈનોવેશનની કામગીરીની તેમણે પૂર્વભૂમિકા આપી તેમજ રમકડાં નિર્માણ સાથે ભાષાનું મહત્ત્વ સમજાવ્યું હતું. કેસીજી અંતર્ગતની તીર્થ યોજનાના ઓ.એસ.ડી. ડૉ. યોગેશ પટેલે ઉભરતી ટેક્નોલોજીના સમયમાં આ ટ્રેનિંગ કેટલી જરૂરી છે, તેનું મહત્ત્વ સમજાવ્યું હતું.

ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે "ગુજરાત સ્ટેમ ક્વીઝ"નું આયોજન

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર ખાતેના ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી અને રાજ્ય સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત ક્ષેત્રે જ્ઞાનમાં વધારો થાય તેવા આશયથી સમગ્ર ગુજરાતના ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતા બાળકો માટે સ્ટેમ સાયન્સ ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સ ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધા સૌપ્રથમ ઓનલાઈન માધ્યમથી જિલ્લા અને રાજ્ય કક્ષાએ યોજાશે અને ત્યારબાદ તા.૨૮ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ ગુજરાત સાયન્સ સિટી ખાતે તેનો ગ્રાન્ડ ફિનાલે યોજાશે. ક્વીઝની ભાષા ગુજરાતી અને અંગ્રેજીમાં હશે.આ ક્વીઝમાં કોઈપણ બોર્ડ અથવા માધ્યમના ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે. રજીસ્ટ્રેશ માટે કોઈ પણ ફી રાખવામાં આવી નથી. આ સ્પર્ધામાં ટોચના બે હજાર વિદ્યાર્થીઓને ગુજરાત સાયન્સ સિટી ખાતે નિઃશુલ્ક ટુર કરાવવામાં આવશે અને વિજેતા વિદ્યાર્થીઓને કરોડોના ઈનામ આપવામાં આવશે તેમજ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને ઈ-સર્ટીફીકેટ આપવામાં આવશે. સ્પર્ધામાં એક શાળામાંથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે. ક્વીઝમાં ભાગ લેવા માટે ફરજિયાત આગામી તા.૧૯મી જાન્યુઆરી પહેલાં ગુજકોસ્ટની વેબસાઇટ પર ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ગાંધીનગર જિલ્લામાંથી રસ ધરાવનાર શાળાઓ કે વિદ્યાર્થીઓ આ ક્વિઝ વિશે વધુ માહિતી મેળવવા માટે ગાંધીનગરના નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના સંયોજક હાર્દિકભાઈનો મો.નં. ૯૪૨૬૪ ૫૧૧૦૨ અથવા શિવાંગભાઈનો મો.નં. ૯૦૯૯૩ ૮૨૯૩૬ પર સંપર્ક સાધી શકશે તેવું અખબારી યાદીમાં જણાવાયું છે.

પંચદેવ મંદિર, સેક્ટર-૨૨ ખાતે શ્રીમદ ભાગવત કથા જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ કથાના વ્યાસપીઠે નીલકંઠ શાસ્ત્રીજી ઉપસ્થિત રહ્યા છે.

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્યકક્ષા)ના રાજકીય સેલના પ્રદેશ અધ્યક્ષ તરીકે દિવ્ય ત્રિવેદીની નિમણુંક

ગાંધીનગર, તા ૪

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્યકક્ષા) ના રાજકીય સેલ ના પ્રદેશ અધ્યક્ષ તરીકે તાજેતરમાં નિમણુંક કરવામાં આવી છે. ગત તારીખ ૨૬ ડિસેમ્બરના રોજ સિદ્ધપુરના તપોભૂમિ ખાતે સમાજની વિસ્તૃત કારોબારીમાં અધ્યક્ષ ભરતભાઈ રાવલ, ટ્રસ્ટી યજ્ઞેશભાઇ દવે, મુખ્ય સંગઠક અશ્વિનભાઈ ત્રિવેદી, મહામંત્રી અમિતભાઇ દવે અને સમસ્ત કારોબારી દ્વારા સર્વાનુમતે રાજકીય સેલના પ્રદેશ અધ્યક્ષ તરીકે સમાજના યુવાન દિવ્ય ત્રિવેદીની સર્વાનુમતે

નિમણુંક કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે પૂર્વમાં દિવ્ય ત્રિવેદી યુવા પાંખના સંગઠન મંત્રી તરીકેની જવાબદારી સફળતાપૂર્વક નિભાવી હતી. દિવ્ય હાલમાં ભારત સરકારમાં રેલ મંત્રાલયમાં પશ્ચિમ રેલવેના સદસ્ય તરીકે ફરજ બજાવે છે. દિવ્ય હાલમાં સમાજની સાથે સાથે વર્લ્ડ બુક ઓફ રેકોર્ડના રાષ્ટ્રીય ઉપપ્રમુખ, સાઉથ એશિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સચિવ તથા વિવિધ સંસ્થામાં જાંબદારીઓ નિભાવે છે. દિવ્ય ગુજરાત બ્રાહ્મણ સમાજની સાથે સાથે અન્ય રાજ્યોના બ્રાહ્મણ સમાજ સાથે પણ અત્યંત ગરોબો ધરાવે છે.

સરસ્વતી વિદ્યાલયમાં રમતોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૪

સરસ્વતી વિદ્યાલય સેકટર-૬માં રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાના નાના ભૂલકાંઓએ ખૂબ ઉત્સાહભેર

ભાગ લીધો હતો. બાળકોને બંગડી, વસ્તુની હેરાફેરી જેવી રમતો રમાડવામાં આવી હતી. આ ઉપરાંત માટીમાંથી જુદા જુદા પ્રકારના રમકડાં જેવા કે ઘર, શિવલિંગ, કપ-રકાબી,મોબાઈલ વગેરે રમકડાં બાળકોએ બનાવ્યા હતા. શાળાના શિક્ષિકા પ્રિતીબેને બાળકો સાથે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

જન્મદિને વધામણી

નટવર હેડાઉ
મો. ૮૯૮૦૦ ૨૯૨૧૨

મેહુલ પટેલ
મો. ૯૮૨૫૦ ૨૫૦૩૮

મનોજ શુક્લ
મો. ૯૮૨૫૮ ૭૯૫૨૯

દિલીપસિંહ જે. બ્રહ્મભટ્ટ

પિયુષ રાજુભાઈ વાઘેલા

કલ્પના સી મોદી
ફોન : ૨૩૨૨૫૧૫૨

આરૂષ કે પ્રજાપતિ
મો. ૭૪૦૫૭ ૫૯૨૪૦

કર્તવ્ય મહેશજી ઠાકોર
મો. ૯૭૨૭૩ ૭૭૦૯૪

જય પટેલ

રાહુલ રાણા
મો. ૭૩૮૩૦ ૪૧૦૨૫

ઋતુ મેહુલ પ્રજાપતિ
મો. ૯૪૨૬૩ ૧૦૩૯૬